# રાજકોટ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત

(૧) વીજળીની પડતર કિંમત શું છે? તેની સામે ખેડૂતો માટે શું વીજ દર રાખવામાં આવેલ છે?

માનનીય ધારાસભ્ય – શ્રીમતી ગીતાબા જાડેજા – ગોંડલ

**જવાબ**

- રાજયમાં ખેડૂતો માટે બે પ્રકારના વીજ દર છે , હોર્સ પાવર આધારિત અને મીટર આધારિત.
  - ✓ હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન પંચે જાહેર કરેલ વીજ દર ૨૪૦૦ રૂપિયા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ છે પરંતુ ખેડૂતોએ માત્ર ૬૬૫ રૂપિયા ભરપાઈ કરવાના થાય છે અને ખેડૂતો વતી હોર્સ પાવર દીઠ ૧૭૩૫ રૂપિયાની સબસીડી રાજ્ય સરકાર ભોગવે છે.
  - ✓ મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટે માત્ર સાઇઠ પૈસા પ્રતિ યુનિટ વીજ દર રાખવામાં આવેલ છે જ્યારે એક યુનિટ વીજળીની કિંમત (એવરેજ કોસ્ટ ટુ સર્વ) રૂ. ૭.૭૭ છે.

## (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મીટર આધારિત વીજ બીલ ભરતા તાલુકાવાર કેટલા ખેડૂતોને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાં વાર્ષિક કેટલી રાહત મળેલ છે?

માનનીય ધારાસભ્ય – ડો. દર્શિતાબેન શાહ – રાજકોટ વેસ્ટ

### જવાબ

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મીટર આધારિત વીજ બીલ ભરતા તાલુકાવાર ખેડૂતોને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાં વાર્ષિક આપવામાં આવેલ રાહત.

| અનુ. ક્રમ. | તાલુકાનું નામ | મીટર આધારિત ખેડૂતોની સંખ્યા | કુલ ફિક્સ ચાર્જમાં વાર્ષિક રાહત (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પડધરી | ૧૦૯૨૧ | ૯૬ લાખ |
| ૨ | લોધિકા | ૯૬૪૪ | ૭૩ લાખ |
| ૩ | ગોંડલ | ૩૨૫૦૬ | ૩ કરોડ ૬૨ લાખ |
| ૪ | કોટડા-સાંગાણી | ૮૫૯૧ | ૭૭ લાખ |
| ૫ | ધોરાજી | ૭૪૫૩ | ૧ કરોડ ૨ લાખ |
| ૬ | ઉપલેટા | ૧૫૯૦૯ | ૧ કરોડ ૮૬ લાખ |
| ૭ | જસદણ | ૧૫૧૦૭ | ૧ કરોડ ૪૨ લાખ |
| ૮ | વિંછીયા | ૧૩૧૯૧ | ૧ કરોડ |
| ૯ | જેતપુર | ૧૧૧૪૧ | ૧ કરોડ ૫૮ લાખ |
| ૧૦ | જામ-કંડોરણા | ૧૨૫૧૬ | ૧ કરોડ ૨૦ લાખ |
| ૧૧ | રાજકોટ | ૨૫૩૪૬ | ૨ કરોડ ૭૪ લાખ |
| કુલ | | ૧,૬૨,૩૨૫ | ૧૬ કરોડ ૯૦ લાખ |